# 52

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ

15/4/182 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

| વર્ષ | કુલ રકમ (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૪૮૬૭૩.૧૬ |
| ૨૦૨૨–૨૩ | ૩૬૨૦૭૮.૯૨ |

(૨) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી

| વર્ષ | ફાળવેલ ગ્રાંટ (લાખમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૩૭૭૫૭૯.૯૦ |
| ૨૦૨૨–૨૩ | ૩૯૨૯૦૯.૦૪ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

| | | (રૂ. લાખમાં) |
|---|---|---|
| | ખર્ચ | બચત |
| ૨૦૨૧–૨૨ | ૩૭૧૫૯૫.૨૩ | ૫૯૮૪.૬૭ |
| ૨૦૨૨–૨૩ | ૩૮૬૦૨૩.૫૭ | ૬૮૮૫.૪૭ |

<u>સને ૨૦૨૧–૨૨ માં વણવપરાયેલ રકમના કારણો</u>

(૧) બિન આદિજાતિ સરકારી કોલેજોમાં મદદનીશ પ્રોફેસરોની બદલીને કારણે ખાલી જગ્યાઓને કારણે બચત રહેલ છે.

(૨) જગ્યાઓ ન ભરવાના કારણોસર તેમજ સાતમા પગારપંચના એરીયર્સ માટે વર્ષાંતે ગ્રાંટની ફાળવણી કરેલ હોઇ બચત રહેલ છે.

(૩) કેડેટોને આપવામાં આવતા રિફ્રેશમેન્ટના નિયમોમાં ફેરફાર થવાના કારણે.

<u>સને ૨૦૨૨–૨૩ માં વણવપરાયેલ રકમના કારણો</u>

(૧) નવી બાબતની સાધનસામગ્રીની ખરીદી થઇ શકેલ ન હોવાથી ખર્ચ ઓછો થયેલ છે. તેમજ મદદનીશ અધ્યાપકોની જગ્યાઓ ન ભરાતા બચત રહેલ છે.

(૨) નવી બાબતોની વહીવટી મંજુરીના મળવાના તેમજ જગ્યાઓ ના ભરવાના કારણોસર બચત રહેલ છે.

(૩) વર્ષ ૨૦૨૨–૨૩ના વાર્ષિક તાલીમ શિબિરો ૧૦ દિવસના બદલે ૦૮ દિવસ ના કરવામાં આવેલ.

––––––––––––––––